BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટને એન્વાયર્મેન્ટલ સસ્ટેનેબિલિટી (પર્યાવરણીય ટકાઉપણું) પુરસ્કારથી કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ અસોસિએશન દ્વારા નવાજવામાં આવ્યું

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (06 ઑક્ટોબર 2021) – બ્રૅમ્પટન ટ્રાન્ઝિટને કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ અસોસિએશન (CUTA) તરફથી એન્વાયર્મેન્ટલ સસ્ટેનેબિલિટી (પર્યાવરણીય ટકાઉપણું) એવોર્ડ મળ્યો છે જે CUTAની ગત ત્રણ દિવસથી ઓનલાઇન ચાલી રહેલી વાર્ષિક કોન્ફરન્સ અને ટ્રાન્ઝિટ શો વખતે તેમની માઇલસ્ટોન ઈલેક્ટ્રિક બસની ટ્રાયલ થઈ તેને માટે મળ્યો.

એન્વાયર્મેન્ટલ સસ્ટેનેબિલિટી (પર્યાવરણીય ટકાઉપણું) એવોર્ડની શ્રેણી એવા વ્યવસાયો અને ટ્રાન્ઝિટ સિસ્ટમોને નવાજે છે જેમની પ્રવૃત્તિઓ અથવા પરિયોજનાઓએ હાલની પર્યાવરણીય સમસ્યાઓ અને ટ્રાન્ઝિટ ઉદ્યોગ જે પડકારોનો સામનો કરી રહ્યો છે તેના પર સકારાત્મક પ્રભાવ હાંસલ કર્યો હોય. પરિણામોમાં સમગ્રપણે નવી વિભાવનાઓ, પ્રક્રિયાઓ અથવા હાલના સાધનોના પુનર્વિકાસનો સમાવેશ થઈ શકે છે જેને પરિણામે દુર્લભ સંસાધનોનું રક્ષણ થઈ શકે, ખર્ચ બચી શકે કે માપી શકાય એવા પર્યાવરણીય ફાયદા થાય જે CUTAના ટ્રાન્ઝિટ વિઝન 2040 સાથે મેળ ખાતા હોય.

04 મે 2021ના રોજ, બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ દ્વારા પ્રમાણિત અને સંપૂર્ણ રીતે આંતર સંચાલિત બેટરી ઈલેક્ટ્રિક બસો (BEBs) અને હાઈ-પાવર્ડ ઓવરહેડ ઓન-રૂટ ચાર્જિંગ સિસ્ટમોનું આજ દિનનું સૌથી મોટું વૈશ્વિક લોકાર્પણ કર્યું, જે કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ ઈનોવેશન કન્સોર્ટિયમ પૅન-કેનેડિયન BEB ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલ (Canadian Urban Transit Research & Innovation Consortium (CUTRIC) Pan-Canadian BEB Demonstration and Integration Trial)નો ભાગ છે. કુલ, બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ દ્વારા પોતાની ફ્લીટમાં આઠ BEB ઉમેરવામાં આવી છે, જેમાં બે નોવા બસ (Nova Bus)માંથી છે અને છ ન્યુ ફ્લાયર (New Flyer)માંથી છે.

નોવા બસ, ન્યૂ ફ્લાયર ઈન્ડસ્ટ્રીઝ, એબીબી ઈન્ક., સિમેન્સ કેનેડા (Nova Bus, New Flyer Industries, ABB Inc., Siemens Canada) અને ન્યૂમાર્કેટ-ટે પાવર ડિસ્ટ્રીબ્યુશન લિ. (Newmarket-Tay Power Distribution Ltd) સાથેની ભાગીદારીમાં બ્રૅમ્પ્ટન આ વૈશ્વિક-પ્રથમ બહુ-શહેર સંપૂર્ણ આંતરપ્રચલનક્ષમ બસ અને ચાર્જિંગ સિસ્ટમોમાં ટ્રાન્સલિંક (TransLink) અને યોર્ક રિજન ટ્રાન્ઝિટ (York Region Transit) સાથે જોડાઈ રહ્યું છે. આવું વિશ્વમાં પ્રથમ વખત બન્યું છે જ્યાં ભિન્ન ઉત્પાદકો દ્વારા બનાવેલ વાહનો અને ચાર્જરો એક સંપૂર્ણ આંતરપ્રચલનક્ષમ સ્વરૂપમાં ઉપયોગમાં લઈ શકાશે, જેનો અર્થ થાય કે તે ચાર્જ મળવવા માટે એકબીજાના ચાર્જ કરવાના માળખામાં પ્લગ કરી શકાશે, જેને પરિણામે ટેઈલપાઈપ ઉત્સર્જનો શૂન્ય હશે.

BEB પણ પોતાની જીવન આવરદામાં લગભગ શૂન્ય ઉત્સર્જનનું સ્તર હાંસલ કરશે. પ્રત્યેક બસ 10 કરતા પણ ઓછી મિનિટમાં સંપૂર્ણપણે ચાર્જ કરી શકાશે અને જેનાથી બસ દીઠ વર્ષ દીઠ અંદાજીત 235 ટન ગ્રીનહાઉસ ગેસ (CO2e) બચાવી શકાશે.

**સુવાક્યો**

“બ્રૅમ્પટનમાં વિશ્વનું પ્રથમ પૅન-કેનેડિયન બૅટરી ઇલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઇન્ટિગ્રેશન ટ્રાયલ (Pan-Canadian Battery Electric Bus Demonstration and Integration Trial) પર્યાવરણીય ટકાઉપણા માટેનું સીમાચિહ્ન છે. જોરદાર પર્યાવરણીય ફાયદા સાથે આપણા શહેરની ટ્રાન્ઝિટ નેટવર્ક વધુ ઉન્નત કરવા માટે અમે અમારા ભાગીદારો સાથે સહયોગ સાધ્યો છે. બ્રૅમ્પટન એક ગ્રીન સિટી છે, અને ટકાઉપણાના ક્ષેત્રમાં અગ્રેસર છે. આવી માન્યતા માટે અમારા ભાગીદારોનો અને હિસ્સાધારકોનો આભાર જેમની મદદથી આ થઈ શક્યું.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

“બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટની પહેલવહેલી ઇલેક્ટ્રિક બસો સફળતાપૂર્વક કાર્યરત થયા બાદ CUTA તરફથી આ પર્યાવરણીય ટકાઉપણાનો એવોર્ડ હાંસલ કરતા અમને ગર્વની લાગણી થાય છે. બ્રૅમ્પટન સીટી કાઉન્સિલ 2050 સુધીમાં બ્રૅમ્પટનમાં પેદા થતા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને 80 ટકા ઘટાડવા માટે અમારી યાત્રામાં અમારા શહેરના કાર્બન પદચિહ્નને ઘટાડવા માટે સમર્પિત છે.

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"વધુ હરિત શહેર બનાવવાના અમારા ધ્યેય માટે ઇલેક્ટ્રિક બસોથી સમર્થન મળે છે. પૅન-કેનેડિયન બૅટરી ઇલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઇન્ટિગ્રેશન ટ્રાયલથી બ્રૅમ્પટનની ટ્રાન્ઝિટ સિસ્ટમમાં ક્રાંતિ સર્જાઇ છે જેમાં માપી શકાતા પર્યાવરણીય ફાયદા છે, વૈશ્વિક આબોહવા પરિવર્તનમાં અમારું યોગદાન ઘટાડવામાં મદદ કરે છે અને અન્ય નગરપાલિકાઓ આવા ટકાઉપણાની પહેલો આગળ વધારે તે માટે પ્રેરણાદાયી છે."

- *ડુગ વ્હિલાન્સ, સિટી કાઉન્સિલર, વૉર્ડ 2 અને 6, સભ્ય, એનવાયર્નમેન્ટ એડવાયઝરી કમિટી; સભ્ય, CEERP કમ્યુનિટી ટાસ્ક ફોર્સ, સિટી ઓફ બ્રૅમ્પટન*

બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ પરિવહન અને સક્રિય પરિવહનની તકો સુધારવા, ઊર્જા કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવા અને બ્રૅમ્પટનમાં નવી ટેકનોલોજિઓ લાવવા માટે પ્રતિબદ્ધ છે. પર્યાવરણીય ટકાઉપણાનો એવોર્ડ માન્ય કરે છે કે આ ઇનોવેટિવ બસની ટ્રાયલ સાથે આપણે કેવી રીતે પરિવહન ક્ષેત્રને હરિયાળુ કરી રહ્યા છીએ."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

“2021 ઇલેક્ટ્રિક બસ અજમાયશ સફળતાપૂર્વક પાર પાડવા માટે CUTAના એનવાયર્મેન્ટલ સસ્ટેનિબિલિટી એવોર્ડ જીતવા બદલ બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટને હાર્દિક અભિનંદન. જાહેર પરિવહનથી હંમેશા ગ્રીનહાઉસ ઉત્સર્જનો ઘટ્યા જ છે. અને ઝીરો-એમિશન બસોનો ઉપયોગ કરીને તે કેનેડાને પોતાના આબોહવાને લગતા લક્ષ્યો સાધવામાં મદદરૂપ થવા હજું મોટી ભૂમિકા ભજવી શકશે.

- *માર્કો દ’એન્જેલો, CUTA પ્રમુખ અને CEO*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક** :
પ્રભજોત કૅન્થ
કોઑર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca